સત્યમેવ જયતે

કેસ દાખલ કર્યાની તા.:-૨૭-૦૫-૨૦૨૫
કેસ રજીસ્ટર લીધાની તા.-૨૭-૦૫-૨૦૨૫
ઠરાવ જાહેર કર્યાની તા.:- ૧૩-૦૭-૨૦૨૬
અવધી:- વર્ષ- માસ- દિવસ.
**૦૧ ૦૧ ૧૭**

**<u>નામદાર જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ,મુ. કુતિયાણા</u>**

**<u>ફોજદારી કેસ નં.૨૮૪/૨૦૨૫</u>**

આંક:-

શ્રી સરકાર .............................. *ફરિયાદી*

**<u>વિરુધ્ધ</u>**

લીલા ઉર્ફે ભીખુ પરબતભાઈ ઓડેદરા
ઉ.વ.૪૫
રહે.કુતિયાણા, રસુલવાડી પાણીના ટાંકા પાસે,
તા.કુતિયાણા, જી.પોરબંદર ................................*આરોપી*

-----------------------------------------

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે. કે. પંડયા
આરોપી તરફે વિ.વકીલ શ્રી એસ.ડી.પરમાર

-----------------------------------------

**ગુનો:- ગુજરાત પોલીસ એકટ ની કલમ-૧૪૨ મુજબ.**

-----------------------------------------

**<u>-:: ઠ રા વ ::-</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે,આ કામના આરોપી ગઈ તા. ૦૨/૦૫/૨૦૨૪ ના કલાક ૧૩:૦૦ વાગ્યાના સુમારે મોજે કુતિયાણા, રસુલવાડી વિસ્તારમાં રોડ પરથી, તા. કુતિયાણા, જી. પોરબંદર ખાતે જાહેરમાંથી મળી આવી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, કુતિયાણાના હદપારી કેસ નં. ૦૪/૨૦૨૪ તા. ૨૬/૦૪/૨૦૨૪ ના હુકમ અન્વયે તા. ૨૭/૦૪/૨૦૨૪ થી ૧ (એક) માસ માટે પોરબંદર જીલ્લામાંથી હદપાર કરેલ હોય,જે હદપારી

હુકમનો ભંગ કરી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરતા, આ કામના ફરીયાદીએ કુતિયાણા પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપતાં ગુના રજી. નં. –૧૧૨૧૮૦૦૪૨૪૦૧૮૯/ ૨૦૨૪ થી ફરીયાદ નોંધી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામના આરોપીને આ અદાલત દ્વારા સમન્સ કરતા આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની **આંક–૦૪** થી પ્લી લેવામાં આવતા આરોપીએ તેની સામેના ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**–:<u>મૌખિક પુરાવો</u>:–**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૦૬ | બાવન સરમણભાઈ મોરી | પંચસાહેદ |
| (૨) | ૦૮ | વિજય બોઘાભાઈ કરમટા | પંચસાહેદ |
| (૩) | ૦૯ | નટવરભાઈ દુદાભાઈ ઓડેદરા | ફરીયાદી |
| (૪) | ૧૩ | પીયુષભાઈ રામજીભાઈ ઓડેદરા | ત.ક.અધિકારી |
| (૫) | ૧૮ | કવિતા નટવરભાઈ ઠાકરીયા | પોલીસ સાહેદ |
| (૬) | ૧૯ | હીમાંશુ વાલભાઈ મકકા | પોલીસ સાહેદ |

**–:<u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| **અનુ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૦૭ | આરોપીની શરીર સ્થિતીનું અટક પંચનામુ |
| (૨) | ૧૦ | અસલ ફરીયાદ |
| (૩) | ૧૧ | એરેસ્ટ મેમો |
| (૪) | ૧૪ | હદપારી કેસ નં.૦૪/૨૦૨૪ ના હુકમની ખરી નકલ |

(૪) આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ તેના જવાબમાં જણાવેલ છે કે, પોલીસે ખોટી ફરિયાદ કરેલ છે અને ખોટું ચાર્જશીટ કરેલ છે, તેઓ નિર્દોષ છે, ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, આંક–૧૧ થી રજુ થયેલ એરેસ્ટ મેમોમાં આરોપીની સહી છે જે ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ હદપારી નો ઓર્ડર થયેલ હોવા છતા કુતિયાણામાંથી મળી આવેલ તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે જેથી આરોપીને મહતમ સજા કરવી જોઈએ.

જયારે આરોપીપક્ષ તરફેના વિ.વકીલશ્રી એવી દલીલ કરેલ છે કે, આંક–૧૮ થી તપાસેલ સાહેદની ઉલટ તપાસ પર આધાર રાખી આરોપી વિરૂધ્ધ ગુનો બનતો નથી તેવી રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ઓ ::**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે એમ પુરવાર કરે છે કે, આ કામના આરોપી ગઈ તા. ૦૨/૦૫/૨૦૨૪ ના કલાક ૧૩:૦૦ વાગ્યાના સુમારે મોજે કુતિયાણા, રસુલવાડી વિસ્તારમાં રોડ પરથી, તા. કુતિયાણા, જી. પોરબંદર ખાતે જાહેરમાંથી મળી આવી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, કુતિયાણાના હદપારી કેસ નં. ૦૪/૨૦૨૪ તા. ૨૬/૦૪/૨૦૨૪ ના હુકમ અન્વયે તા. ૨૭/૦૪/૨૦૨૪ થી ૧ (એક) માસ માટે પોરબંદર જીલ્લામાંથી હદપાર કરેલ હોય,જે હદપારી હુકમનો ભંગ કરી મળી આવી પકડાઈ જઈ જી.પી.એકટની કલમ–૧૪૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ |

(૬) ઉપરોકત મુદાનો મારો જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૭) **-: કારણો :-**

આ માટેના કારણો નીચે મુજબ છે.

**મુદા નં.-૧ :-**

(૮) આ કામે ફરિયાદપક્ષે આરોપી વિરૂઘ્ઘનો ગુનો સાબિત કરવા માટે સૌ પ્રથમ આ કામે પંચસાહેદ બાવન સરમણભાઈ મોરીને આંક-૦૬ થી તથા પંચસાહેદ વિજય બોઘાભાઈ કરમટાને આંક-૦૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાયની પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ઉલટતપાસમાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તૈયાર લખેલ કાગળ માં સહી કરેલી અને તે સિવાય તેઓ પંચનામાની વિગતે કાંઈ જાણતા નથી. આમ, ઉપરોકત બંને પંચ સાહેદોનો પુરાવો ઘ્યાને લેતાં આંક-૦૭ વાળુ આરોપીની શરીર સ્થિતિનું અટક પંચનામુ સદર પંચોની જુબાનીથી સંપુર્ણ પુરવાર થયેલુ જણાઈ આવતુ નથી.

(૯) આ કામે ફરીયાદી નટવરભાઈ દુદાભાઈ ઓડેદરાને આંક-૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેમની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક-૧૦ થી અસલ ફરીયાદ તથા આંક-૧૧ થી એરેસ્ટ મેમો રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા માણસો તથા વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે અને રહેણાંકી વિસ્તાર છે. હદપારી હુકમની બજવણી આરોપીને અમારી રૂબરૂ કરવામાં આવેલ નથી. પોલીસ સ્ટેશનમાં આવક જાવક રજીસ્ટર નીભાવવામાં આવે છે. સરકારી હુકમ કોન્ફીડેન્શીયલ એટલે કે ખાનગી હોય આવા હુકમો મુદામ માણસ લઈને આવે છે. આંક-૭ વાળુ પંચનામુ હસ્તલીખીત નથી પરંતુ કોમ્પ્યુટરાઈઝડ છે. તેઓ જે ખાનગી મો.સા. માં પેટ્રોલીંગમાં નીકળેલા તેના નંબર હાલ તેમને યાદ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ફરીયાદીએ ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૦) આ કામે તપાસ કરનાર અધિકારી પીયુષભાઈ રામજીભાઈ ઓડેદરા ને આંક–૧૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેઓની તપાસ ની કાર્યવાહીને સમર્થકારી પુરાવો રજુ રાખેલ છે અને તપાસના અંતે પુરતો પુરાવો જણાતા આરોપી સામે ચાર્જશીટ કરેલાની હકીકતો જણાવેલ છે. તેઓએ જુબાની દરમ્યાન આંક–૧૪ થી હદપારી કેસ નં. ૪/૨૪ ના હુકમની ખરી નકલ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને લોકોની અવર–જવરવાળો વિસ્તાર છે. આ કામે તેઓએ બીજા કોઈ અન્ય સાહેદોના નિવેદનો નોંધેલ નથી. આ કામે આરોપીને હદપારી કેસની બજવણી કરનાર સંબંધીત અધિકારીને સાહેદ તરીકે ચાર્જશીટમાં દર્શાવેલ નથી. આરોપીને અન્ય જીલ્લામાં જવા માટે જરૂરી કાર્યવાહીને લગત દસ્તાવેજી આધારો આ કામે તેઓએ રજુ રાખેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર તપાસ કરનાર અધિકારીએ ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૧) આ કામે પોલીસ સાહેદ કવિતા નટવરભાઈ ઠાકરીયાને આંક–૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં આરોપીને કુતિયાણા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીના હદપારી હુકમની બજવણી પંચો રૂબરૂ કરેલ હોવાની અને તે અન્વયે આરોપીની સહી લીધેલ હોવાની હકીકતો જણાવેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, સદર હદપારી હુકમની બજવણી પ્રતિષ્ઠીત નાગરીકની હાજરીમાં કરેલ નથી. હુકમની બજવણી કર્યા પછી તરત આરોપીને તે કહે તે રીતે તે સ્થળે મુકવા જવાનો હોય છે. આરોપીને મુકેલ હોય તે સ્થળનુ સરનામુ સંબંધીત પો.સ્ટે. ને જાણ અર્થે મોકલવાનુ હોય છે. આવી કોઈ કામગીરી હુકમની બજવણી કર્યા બાદ તેઓ કરેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૨) આ કામે પોલીસ સાહેદ હીમાંશુ વાલભાઈ મકકાને આંક–૧૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નીકળેલ હતા તેમને હાલ યાદ નથી. તેઓ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા. તેઓ કુતિયાણા મુકામે કેટલા વાગ્યે પંહોચેલા તે હાલ તેમને યાદ નથી. બનાવવાળી

જગ્યા માણસો તથા વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે અને રહેણાંકી વિસ્તાર છે. પોલીસ સ્ટેશનમાં આવક જાવક રજીસ્ટર નિભાવવામાં આવે છે. સરકારી હુકમ કોન્ફીડેન્શીયલ એટલે કે ખાનગી હોય આવા હુકમો મુદામ માણસ લઈને આવે છે. આંક–૭ વાળુ પંચનામુ હસ્તલીખીત નથી પરંતુ કોમ્પ્યુટરાઈઝ છે. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

(૧૩) ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદ પક્ષે આંક–૬ તથા આંક–૮ થી તપાસેલ અટક પંચો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. જયારે આંક–૧૯ થી હદપારીનો હુકમ આરોપીને બજાવેલ છે તે સાહેદને તપાસેલ છે. તેઓની બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, સદર હુકમની બજવણી પ્રતિષ્ઠીત નાગરીકની હાજરીમાં કરેલ નથી. હુકમની બજવણી કર્યા પછી તરત જ આરોપીને તે કહે તે રીતે તે સ્થળે મુકવા જવાનો હોય છે. આરોપીને મુકેલ તે સ્થળનુ સરનામુ સંબંધીત પોલીસ સ્ટેશને જાણ અર્થે મોકલવાનુ હોય છે. આવી કોઈ કામગીરી હુકમની બજવણી કર્યા બાદ મેં કરેલ નથી.

સદર કેસની હકીકત ધ્યાને લેતા નામદાર સુપ્રીમ કોર્ટનો Keshav Lal Thakur Versus State of Bihar 1996(11) SCC 557 નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે. સદર ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, "it is clear that if police investigated the non cognizable offence without the prior permission of the concerned Magistrate and subsequently filed the charge sheet then as per law it is not proper for the Court to take cognizance or to conduct the trial on that charge-sheet or to treat that charge sheet as complaint."

આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતા તેમજ નામદાર સુપ્રીમ કોર્ટનો ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા, સદર ગુનાની તપાસ પોલીસ મેજીસ્ટ્રેટની પરવાનગી વગર કરી શકે નહી અને પરવાનગી વગર કરેલ તપાસના આધારે ચાર્જશીટ દાખલ કરવામાં આવે તો કોર્ટ સદર ગુનામાં સંજ્ઞાન લઈ શકે નહી. આમ, ઉપરોકત વિગતવાર ચર્ચેલ તમામ હકીકતો જોતાં મુદ્દા નં.–૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે અન્વયે ધી જી.પી.એકટની કલમ–૧૪૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપ માંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલના કામે જરૂર પડયે હાજર થવા બાબતેના છ માસ સુધીની મુદતના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની કોર્ટમાં આપવાના રહેશે.

આ હુકમ આજ રોજ તારીખ ૧૩મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તા.૧૩–૦૭–૨૦૨૬.
સ્થળ : કુતિયાણા।

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડિયા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કુતિયાણા.
જજ કોડ: જીજે૦૧૪૩૩